


# નર્મદા - સરદાર સરોવર

# ગુજરાતની જીવાદોરી

જિતેન્દ્ર પટેલ **(M.Sc,B.Ed,CCC&CIC)**
શ્રીમતી એમ.કે.પટેલ હાઈસ્કૂલ – ગોઝારિયા.

- **નર્મદા નદીની લંબાઈ 1312 કી.મી.**
- **નર્મદા નદીનું મૂળ** <u>મધ્ય પ્રદેશ</u> રાજ્યના <u>અમરકંટક  પર્વત</u>**માં આવેલ છે**.
- <u>**સાતપુરા પર્વતમાળા**</u>ના ઊદ્ભમ સ્થાને આવેલા <u>મંડલા પહાડો</u> **વચ્ચેથી પસાર થતી નર્મદા** <u>જબલપુર</u> નજીક <u>આરસપહાણો</u> **કોતરી** <u>વિંધ્યાચળ પર્વતમાળા</u> અને <u>સાતપુડા પર્વતમાળા</u>**ની ખીણમા થી વહે છે.**

- ગુજરાતરાજ્યમા પ્રવેશ કરતા પહેલા થોડીક લંબાઇ માટે આ નદી મહારાષ્ટ્ર **રાજ્યના ભાગમાંથી પણ વહે છે. અંતે** ભરૂચનજીક ખંભાતના અખાત**માં અરબી સમુદ્રને મળે છે.**

- **ભરૂચ શહેર નર્મદા નદીના કિનારે આવેલું**

**છેલ્લું મોટું શહેર છે.**

**નર્મદામાં મળી જતી નદીઓમાં સૌથી મોટી નદી** <u>તવા નદી</u> **છે** જે મધ્યપ્રદેશના <u>હોશંગાબાદ જિલ્લા</u>**ના** <u>**બાંદ્રા**</u> ગામ નજીક નર્મદાને મળે છે.

મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર પસાર કર્યા પછી નર્મદા ગુજરાતના ફળદ્રુપ પ્રથમ નર્મદા જિલ્લા**માં અને ત્યારબાદ** **ભરૂચ જિલ્લા** માં પ્રવેશ કરે છે. ભરૂચ શહેર નજીક ૨૦ કી.મી.ના ફળદ્રુપ મુખત્રિકોણ **નજીક તે ખંભાતના અખાત ખાતે પ્રવેશ કરે છે**


- **गंगे च यमुने चैव गोदावरि सरस्वति |
नर्मदे सिन्धुकाबेरि जलेऽस्मिन् सन्निधिं कुरु ||**

- **The most sacred rivers of India are River Ganga (गंगा), River Yamuna (यमुना), Godavari ( गोदावरी) River , Sarswati, Narmada, Sindhu and Kaveri, a dip in any of these rivers washes ones sins away..**

- નર્મદા નદી મધ્યપ્રદેશમાં ૧૦૭૭ કિ.મી
- નર્મદા નદી મહારાષ્ટ્રમાં ૭૪ કિ.મી
- મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની બોર્ડર પર ૩૫ કિ.મી
- મધ્યપ્રદેશ અને ગુજરાતની બોર્ડર પર ૩૯ કિ.મી
- નર્મદા નદી ગુજરાતમાં ૧૬૧ કિ.મી

- સરદાર વલ્લભભાઇ પટેલ ૧૯૪૬-૪૭ માં રાષ્ટ્રના કલ્યાણ અને સુખાકારી અર્થે નર્મદાના જળનો મહત્તમ ઉપયોગ થઇ શકે તે હેતુસર નર્મદા નદી ઉપર બંધ બાંધવાનું સ્વપ્ન સેવ્યુ હતું
- ૫મી એપ્રિલ, ૧૯૬૧ ના રોજ સ્વર્ગીય વડાપ્રધાન જવાહરલાલ નહેરુના વરદ હસ્તે ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું

# Dams on Narmada River



ગ્રેવિટી બંધમાં વપરાતા સીમેન્ટ કોંક્રિટના જથ્થાની રીતે જોઇએ તો નર્મદા બંધ વિશ્વમાં બીજા ક્રમે આવશે. આ બંધમાં કુલ ૬૮.૨૦ લાખ ઘનમીટર કોંક્રિટ વપરાશે. પ્રથમ ક્રમે અમેરિકાનો ગ્રાંડ કુલી બંધ આવે છે, જેમાં ૮૦ લાખ ઘનમીટર કોંક્રિટનો ઉપયોગ થયો છે.

ભારતમાં સૌથી ઉંચા કોંક્રિટ બંધોમાં પ્રથમ હિમાચલ પ્રદેશનો ભાખરા (૨૨૬ મીટર) અને ઉત્તર પ્રદેશનો લખવાર (૧૯૨ મીટર) પછી ત્રીજા સ્થાને ગુજરાતનો નર્મદા બંધ (૧૬૩ મીટર) આવે છે.

પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ

$૪૫૦ મિલિયન

જળાશય ૩૭,૦૦૦ હેક્ટર જેટલા મોટા વિસ્તારમાં આકાર લેશે, જેની લંબાઇ ૨૧૪.૦૦ કી.મી. અને સરેરાશ પહોળાઇ ૧.૭૭ કી.મી. રહેશે.

યોજનાને કારણે, નદી કાંઠાના ૨૧૦ ગામડાંની કુલ 30,000 હેક્ટર જમીન તથા ભરૂચ શહેર સહિત ગુજરાતની ૪.0 લાખની વસ્તિને નર્મદાના પૂર સામે રક્ષણ મળશે.

યોજનાના ડાબે કાંઠે આવેલ શૂલપાણેશ્વર વન્ય જીવન અભ્યારણ, કચ્છ્ના નાના રણમાં આવેલ ઘુડખર અભ્યારણ, વેળાવદર ખાતેના કાળિયાર રાષ્ટ્રીય ઉધાન, કચ્છનું ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ અભ્યારણ, નળ સરોવર પંખી અભ્યારણ અને નદી મુખ વિસ્તારમાં આવેલ અલિયાબેટનો વિસ્તાર-વિકાસ આ યોજનામાં સુચવેલ છે.

સરદાર સરોવરમાં બે વીજ મથકો તૈયાર કરવામાં આવી રહ્યાં છે. ૧૨૦૦ મેગાવોટની ક્ષમતાવાળું નદી તળ વિધુત મથક અને ૨૫૦ મેગાવોટની ક્ષમતાવાળું નહેર આમુખ વિધુત્ત મથક. આ બન્ને વિધુત્ત મથકોમાં જે વીજળી ઉત્પન્ન થશે તે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતને અનુક્રમે ૫૭:૨૭:૧૬ ના પ્રમાણમાં વહેંચી આપવામાં આવશે

સરદાર સરોવર યોજના ૫૦૦૦ મીલીયન યુનીટ વીજળી પેદા કરશે. આ યોજના પૂર્ણ થતાં ૧૬૦૦ કરોડ રૂપિયાની વધારાની ખેત પેદાશ, ૪૦૦ કરોડ રૂપિયાનું વીજ ઉત્પાદન અને ૧૭૫ કરોડ રૂપિયાનો પાણી પુરવઠો પ્રાપ્ત થશે. જેથી સરવાળે પ્રતિ દિન રૂ. ૬ કરોડના હિસાબે રૂ. ૨૧૭૫ કરોડની આવક થશે.

યોજનાથી દર વર્ષે ૮૫૬ થી ૧૦૦૭ મિલિયન યુનિટ જેટલી સસ્તી, પર્યાવરણની દ્રુષ્ટીએ બિલકુલ શુધ્ધ અને સ્વદેશી જળવિધ્યુતનું ઉત્પાદન થશે.

નર્મદાની મુખ્ય નહેરના મુખ પાસે ૪૦,૦૦૦ ઘનફૂટ/સેકન્ડની વહનક્ષમતા ધરાવતી જળરાશિ તથા ૫૩૨ કિ.મી ની લંબાઇ વાળી નર્મદાની મુખ્ય નહેર વિશ્વની સૌથી મોટી નહેર બનશે.

પીવાના પાણીની સમસ્યાને હલ કરવાના ભાગરૂપે ગુજરાતના ૧૩૫ શહેરો અને ૮૨૧૫ ગામડાંઓ પાણીના જથ્થાની ખાસ ફાળવણી કરવામાં આવેલ છે.

ગુજરાતના ૧૫ જીલ્લા, ૭૩ તાલુકા અને ૩૧૧૨ ગામડાંની કુલ ૧૮.૪૫ લાખ હેક્ટર જમીનને સરદાર સરોવર યોજનાથી સિંચાઇની સગવડ ઉપલબ્ધ થશે.

રાજસ્થાનના વ્યુહાત્મક રણ વિસ્તારવાળા બાડમેર અને જાલોર જિલ્લાની ૭૫,૦૦૦ હેક્ટર જમીનને સિંચાઇનો લાભ મળશે